# જીએનએલયુમાં ફિમેલ લેબર ફોર્સ અંગે સેમિનાર યોજાયો




**નવગુજરાત સમય** > ગાંધીનગર

નેશનલ કમિશન ફોર વિમેન, જીએનએલયુ અને વી.વી ગીરી નેશનલ લેબર ઇન્સ્ટીટ્યૂટના ઉપક્રમે ગાંધીનગરની ગુજરાત નેશનલ લો યુનિ.માં 'ફિમેલ લેબર ફોર્સ પાર્ટીસિપેશન ઇન ઇન્ડિયા' વિષય પર સેમિનાર યોજાયો હતો. તેમાં મહિલા કામદારો માટે હાલના કાયદાની અસર, ફિમેલ લેબર ફોર્સમાં ઘટાડો અને સુરક્ષા નિતી અંગે ચર્ચા થઇ હતી. આ પ્રસંગે રાષ્ટ્રીય મહિલા આયોગના અગ્રણી ડો. રાજુલ દેસાઇએ એવો મત રજૂ કર્યો કે દેશની વસતીના અડધા ભાગમાં મહિલાનો સમાવેશ થાય છે, પરંતુ લેબર ફોર્સમાં તેમનો સહયોગ એક ટકાથી પણ ઓછો છે. જેથી દેશની અર્થવ્યવસ્થા મજબૂત બનાવવા મહિલાઓનો સહયોગ આવશ્યક હોવાનું દેસાઇએ જણાવ્યું હતું. તેમજ જીએનએલયુના ડાયરેક્ટર ડો.શાંતાકુમારે જણાવ્યું કે કાર્યસ્થળ ઉપર જેન્ડર ગેપ વૈશ્વિક પડકાર હોવાથી તેને ઘટાડવાના પ્રયાસો થવા જોઇએ. જ્યારે વી.વી ગીરી નેશનલ લેબર ઇન્સ્ટી.ના ડો. અલીના સામંતરોયે કહ્યું કે વિમેન લેબર ફોર્સના ઘટાડા પાછળ ઘરેલુ ફરજો પણ જવાબદાર છે. કાર્યક્રમમાં ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર સરકારના પ્રતિનિધિઓ તેમજ વકીલો, એનજીઓ તથા વિવિધ શૈક્ષણિક સંસ્થાના પ્રોફેસર સહિત નિષ્ણાંતો જોડાયા હતાં.

Scanned by CamScanner